પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક: જી/સીપી/વિશા/જાહેરનામુ/સ્કાય/લેન્ટર્ન/ ૦૩ /૨૦૨૨ તા.૦૧/૦૧/૨૦૨૨.

વિષય : સ્કાય લેન્ટર્ન અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા બાબત

સંદર્ભ : (૧) ડી.જી.પી.શ્રી ની કચેરીના પત્ર ક્રમાંક: જી-૧/ક્રાઇમ/ટે-૨/સ્કાય લેન્ટર્ન/ ૧૫૪૩/૨૦૨૧ તા.૨૭/૧૨/૨૦૨૧

(૨) અધિક સચિવ(કા.વ્ય) ગુજરાત સરકારશ્રી, ગૃહવિભાગ, ગાંધીનગરના ક્રમાંક:વિ-૨/ ડી.એસ.એમ./૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા) તા.૨૯/૧૨/૨૦૨૦

(૩) ડી.જી.પી.શ્રી ની કચેરીના પત્ર ક્રમાંક જી.૧/કા.વ્ય/ ટે-૨/કોર્ટ મેટર/૬૬૦૩/૨૦૨૦ તા.૨૯/૧૨/૨૦૨૦

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગૃહવિભાગના સંદર્ભિત પત્ર-૨ માં જણાવ્યાનુસાર સી.આર.પી.સી.કલમ.૧૪૪ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) અને ચાઇનીઝ માંઝા / પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે ગુજરાત હાઇકોર્ટમાં દાદ માંગવામાં આવેલ, જે સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ તથા ૨૫૩/૨૦૧૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેવી રીતે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી દ્વારા પણ તેમના તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ અન્વયે પતંગ ચગાવવા માટે નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય, અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઇનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસની કાર્યવાહી કરવા જણાવેલ છે.

(1) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓએ તેઓના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ઉપરોકત બાબતે સ્થાનિક કક્ષાએ પતંગદોરીનું વેચાણ કરતા સ્થાનિક વિક્રેતાઓ / વેપારી મંડળો વિગેરે સાથે બેઠકો કરવી અને ઉપરોકત પ્રતિબંધ અંગે તેઓને જરૂરી સમજણ કરવી.

(૨) ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોની કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર મુકવામાં આવેલ પ્રતિબંધ બાબતે સોશ્યલ અવેરનેસ ફેલાય તે સારૂ સ્થાનિક વર્તમાન પત્રો,

પ્રિન્ટ-ઇલેક્ટ્રીક મિડિયા તથા સોશ્યલ મિડિયાનો ઉપયોગ કરી નાગરિકોમાં આ અંગે જાગૃતિ લાવવા પ્રયત્નો કરવા.

(૩) સદર પ્રતિબંધિત સ્કાય લેન્ટર્ન/ ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનાં ગેરકાયદેસર ઉપયોગ / ઉત્પાદન / વેચાણ અન્વયે સ્થાનિક ઇન્ટેલીજન્સ (ગુપ્ત માહિતી) એકત્રિત કરી તે આધારે જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવી તથા સદરહુ પ્રતિબંધિત બાબતે અત્રેનીકાચેરીએ થી જાહેરનામા ક્રમાંક:જી/સીપી/વિશા/જાહેરનામુ/૫૬૭૨/૨૦૨૧ તા૩૧/૧૨/૨૦૨૧ થી જાહેરનામુ બહાર પાડવામા આવેલ છે તેનુ ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે અને કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી થાણા અમલદારશ્રીઓએ સદર પત્ર સાથે સામેલ બિડાણમાં પત્રક-અ,બ,ક,ડ આપેલ નિયત નમુના અનુસાર રોજે રોજ અત્રેની કચેરીએ મોકલી આપવામાં જણાવવામાં આવે છે.

(મે.પો.કમિ.શ્રી નાઓના આદેશાનુસાર)

I/C મદદનીશ પોલીસ કમિશ્નર
વિશેષ શાખા, વડોદરા શહેર

પ્રતિ,
પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ તમામ પોલીસ સ્ટેશન (ડી.સી.બી., એસ.ઓ.જી. સહિત) વડોદરા શહેર.

નકલ રવાના :-
મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ ડીવી., વડોદરા શહેર.
૨/- જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

જયભારત નકલ રવાના (જાણ સારૂ)
અધિક પોલીસ કમિશ્નરશ્રી (કા.ટ્રા)વડોદરા શહેર
નાયબ પોલીસ કમિશ્નરશ્રી તમામ, વડોદરા શહેર
મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ, ટ્રાફિક, વડોદરા શહેર

## પત્રક - અ

જિલ્લા / શહેરમાં ચાઇનીઝ ટુક્કલ (સ્કાય લેન્ટર્નનું ગેરકાયદેસર વેચાણ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી દર્શાવતુ પત્રક :-

| અ.નં. | તપાસ કરવામાં આવેલ સ્થળની વિગત | પકડવામાં આવેલ ચાઇનીઝ ટુક્કલ (સ્કાય લેન્ટર્ન)ની સંખ્યા અને કિંમત | | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| | | સંખ્યા | કિંમત | | |
| | | | | | |

## પત્રક - બ

જિલ્લા / શહેરમાં ચાઇનીઝ ટુક્કલ (સ્કાય લેન્ટર્ન) ઉડાડનાર વિરૂધ્ધ સંદર્ભે કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતુ પત્રક :-

| અ.નં. | ઉપયોગ કરતાં પકડાયેલ વ્યક્તિ/વ્યક્તિઓની વિગત | વ્યક્તિ/વ્યક્તિઓની પાસેથી પકડવામાં આવેલ ચાઇનીઝ ટુક્કલ (સ્કાય લેન્ટર્ન)ની સંખ્યા | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

## પત્રક - ક

જિલ્લા / શહેરમાં ચાઇનીઝ /નાયલોન દોરી / કાચ પાયેલી દોરીનો વેચાણ કરનાર વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતુ પત્રક :-

| અ.નં. | તપાસ કરવામાં આવેલ સ્થળની વિગત | પકડવામાં આવેલ ચાઇનીઝ દોરી/કાચ પાયેલી દોરીની વિગતો | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

## પત્રક - ડ

જિલ્લા / શહેરમાં ચાઇનીઝ /નાયલોન દોરી / કાચ પાયેલી દોરીનો ઉપયોગ કરનાર વિરૂધ્ધ કરવામાં આવેલ કાર્યવાહીની સંકલિત માહિતી દર્શાવતુ પત્રક :-

| અ.નં. | ઉપયોગ કરતાં પકડાયેલ વ્યક્તિ/ વ્યક્તિઓની વિગત | વ્યક્તિ/વ્યક્તિઓની પાસેથી પકડવામાં આવેલ ચાઇનીઝ દોરી/ કાચ પાયેલી દોરીની વિગતો | ગુનો નોંધવામાં આવેલ હોય તો તેની વિગતો | અન્ય કાર્યવાહીની વિગતો. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |